૫૦૧/૩,૯૭૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર - ચૌદમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૨

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''ખાઈ-પીને આનંદ કરો, અને અમને આનંદ આપો.'' (૧૪૭)
૨. ''તે બેસવાની ડાળી કપાઈ ગઈ.'' (૨૪)
૩. ''જેથી તેઓ આવી અફવા દાબી દે અને સાચી વાત સૌને સમજાય.'' (૧૦૯)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ધાબળો ઓઢાડ્યો. (૧૧૯)
૨. શ્રીજીમહારાજે સદાવ્રત ચલાવતા સાધુઓને બળ આપતો પત્ર લખ્યો. (૨૧)
૩. જાણે વીજળી માથે પડી હોય તેમ સૌને લાગ્યું. (૧૫૩)

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. સુરતમાં પધરામણી (૧૨૧-૧૨૩) ૨. ગુણગ્રાહક થવું. (૧૪૨-૧૪૩) ૩. વેદાંતાચાર્યનો પરાજય (૯૨-૯૩)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. જેતલપુરના યજ્ઞ પછી કોનો બાપ મરી ગયો ? (૫૩)
૨. કાઠિયાવાડમાં શ્રીજીમહારાજે સૌ પ્રથમ કઈ જગ્યાએ મંદિર કરવાનો સંકલ્પ કર્યો ? (૧૨૯)
૩. ગઢપુરનાં બાઈ હરિભક્તોએ શ્રીજીમહારાજને દેશમાં ફરવાની શા માટે ના પાડી ? (૩૨)
૪. રાઠોડ ધાંધલને ત્યાં કોણ વલોણું કરતા હતા ? (૬૭)
૫. શ્રીજીમહારાજે કાલવાણીમાં એકી સાથે કેટલા સંતોને શેનો ત્યાગ કરાવ્યો ? (૪૦)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજે કહેલ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા (૫૯, ૭૬, ૧૩૬)
(૧) ☐ રાઠોડ ધાંધલનું ઘર (૨) ☐ ગઢડા (૩) ☐ ભાદરણ (૪) ☐ ડભાણ

૨. શ્રીજીમહારાજે ......... મંદિરમાં ......... દેવ પધરાવ્યા. (૧૧૧, ૧૧૮, ૧૩૫)
(૧) ☐ ધોલેરા - મદનમોહન (૨) ☐ ભૂજ - નરનારાયણ
(૩) ☐ ગઢડા - લક્ષ્મીનારાયણ (૪) ☐ અમદાવાદ - નરનારાયણ

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. શ્રીજીમહારાજે કહ્યું નામ .......... છે, પણ શેઠ બહુ .......... છે. (૧૩૦)
૨. .......... નો હાથ ગાજરના અથાણામાં પડ્યો. (૪૯)
૩. .......... એ પથ્થરને હાથ અડાડતાં પથ્થર ઊડીને પાણીમાં તળાવને આરે જઈ પડ્યો. (૧૨)
૪. શ્રીજીમહારાજનો વેદ .......... છે અને ગોત્ર .......... છે. (૧૧૦)

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આજે મારે ધામમાં જવું છે.'' (૨૬)
૨. ''તમારી વાટ જોઈને બેઠો છું.'' (૬૬)
૩. ''આપની સેવા તે મહારાજની જ સેવા છે એમ હું જાણું છું.'' (૩૦)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. પીંજારાની શેર માટીની ખોટ પૂરી થઈ. (૯)
૨. વજેસિંહ દરબાર કશું બોલ્યા નહિ. (૩૬)

**પ્ર.૯** સાચા ઉપાસક નિત્યાનંદ સ્વામી (૪-૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કરસનજીભાઈનો જન્મ ક્યારે થયો હતો ? (તિથિ અને સંવત) (૬૧)
૨. નિત્યાનંદ સ્વામીએ આચાર્ય મહારાજને કઈ ભલામણ કરી હતી ? (૭)
૩. શ્રીજીમહારાજે પોતાનું ઘર ક્યાં માન્યું હતું ? (૪૧)
૪. 'વંદુ સહજાનંદ....' કીર્તન પ્રમાણે જેને ચિંતવન થાય તે શાનાથી મુકાય ? (૧૩)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષયઃ- ભક્તરાજ લાડુબાએ ઉજવેલ અન્નકૂટ ઉત્સવ (૪૨)**

**૧.** શ્રીજીમહારાજે કહ્યું, ''શુકલ પક્ષના ઉત્સવો લાડુબા કરે ને કૃષ્ણ પક્ષના ઉત્સવો જીવુબા કરે.'' **૨.** જીવુબાએ લાડુબા પાસે જઈને વિનંતી કરી, ''હે બહેન ! આ કૃષ્ણ પક્ષનો અન્નકૂટોત્સવ મને કરવા દ્યો.'' **૩.** ''મહારાજ ! અમે તો નદી કિનારે, ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું.'' **૪.** લાડુબાએ વિનયપૂર્વક પૂછ્યું, ''મહારાજ ! કૃષ્ણાવતારમાં આપને કોણ નવરાવતું ને જમાડતું ?'' **૫.** ભક્તિમાતાએ કહ્યું, ''અમે અમારા પુત્ર શ્રીજીમહારાજ સહિત અહીં રહીશું.'' **૬.** ભક્તિમાતાએ કહ્યું, ''હું તો પતિવ્રતા છું. એટલે તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ.'' **૭.** ''શાસ્ત્રમાં દિવાળી ને અન્નકૂટોત્સવ ભેળો જ ગણાય છે.'' એમ લાડુબાએ સમજાવ્યું. **૮.** લાડુબાએ તે પ્રમાણે ભેંશની ચાકરી ઘરે શરૂ કરી. **૯.** બીજે દિવસે બાઈઓની સભા ભરાઈને બેઠી હતી તે સમે ઓરડામાં એકદમ તેજ વ્યાપી ગયું. **૧૦.** લાડુબાએ ખૂબ જ પરિશ્રમથી બધી સખીઓની મદદથી સુંદર અન્નકૂટ તૈયાર કર્યો. **૧૧.** શ્રીજીમહારાજે દરબારમાં વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી. **૧૨.** આ સાંભળી બાઈઓએ કહ્યું, ''અમે ધર્મ રાખીશું.''

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- ઈ. સ. ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જવાબ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- **સંવત ૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે** નિત્યાનંદ સ્વામીએ **વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ**, **શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

૧. **શ્રીકૃષ્ણજી અદા :** શાસ્ત્રીજી મહારાજ વરતાલમાં રહ્યા તે દરમ્યાન જે હરિભક્ત પોતાની પાસે આવે તેમને જૂનાગઢ કૃષ્ણજી અદાનાં દર્શન કરવા મોકલતા. (૬૪)

૨. **પ્રેમસખી પ્રેમાનંદ :** કાર્તિક માસની નિયમની એકાદશીએ પ્રેમાનંદ સ્વામીએ નિયમ લેતા કહ્યું, ''હે મહારાજ ! આપની મૂર્તિનાં ચાર પદ રોજ બનાવવાનો નિયમ લઉં છું.'' (૧૨)

૩. **મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી) :** શ્રીજીમહારાજ ગોપીનાથના ઓરડામાં સભા કરીને બિરાજમાન થયા હતા ત્યારે એવું પ્રકરણ ચલાવ્યું કે કથામાં જે ઊંઘે તેમને જગાડવા માટે જોડો મારવો. (૨૨)

૪. **ભક્તરાજ દાદાખાચરઃ** શ્રીજીમહારાજે ભટવદરના દરબાર નાગપાલ વરુની પુત્રી કરણીબા સાથે દાદાખાચરનાં લગ્ન કરાવ્યાં. થોડાં વર્ષો બાદ તેમને જીવાખાચર અને અમરાખાચર એમ બે પુત્રો થયા. (૩૮)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. ચારિત્ર્ય : માનવીનું મૂલ્યવાન આભૂષણ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૨)
૨. સંયમ દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર (સ્વામિનારાયણ પ્રકાશ - નવેમ્બર - ૨૦૧૨)
૩. કેળવણીનાં મંદિરોનો સાચો ઘંટનાદ (સ્વામિનારાયણ પ્રકાશ - ઑકટોબર - ૨૦૧૨)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**